# -: સબ્ર :-

"આફતો રંજો મુસીબત ઔર તસ્લીમો રઝા,
પાઁચ ચીઝે યે બની હૈ પંજતન કે વાસ્તે."

રસૂલે ખુદા (સ.અ.વ.વ.) નો ઈરશાદે ગિરામી છે કે, "સબ્ર મુમિનનું જૌહર છે અને મુમિનનું ઈમાન સબ્રની બુનિયાદ પર ઉભેલું છે." અલ્લાહતઆલાએ ઈન્સાનને કોઇ એવી ચીઝ નથી બખ્શી જે સબ્ર કરતા ઝિયાદહ બેહતર, આઅલા, મુફીદ અને કારગર હોય. **સબ્રનું સમર-ફલ હમેશા મીઠું અને નિરાલું હોય છે** પણ સાથે સાથે સહી વક્ત પર સબ્ર કરી બતાવવું ઘણું મુશ્કિલ કામ છે તેથી જે કોઇ શખ્સ શદીદ હાલાતમાં સબ્ર કરે અને મનમાં એમ ખયાલ રાખે કે અલ્લાહ પાકની એમાં હિકમત હશે યા એના પાછલ કોઇ રાઝ છુપાયેલો હશે તો પછી એ જ સબ્ર એના વાસ્તે એક ઘણી મોટી નેકી તેમજ ઈત્મિનાને કલ્બનો સબબ બની જાય છે.

અલ્લાહતઆલાએ કુર્આને કરીમમાં બેશુમાર આયતોમાં સબ્ર કરનારની સિફ્તો સના અને ફઝીલતો બયાન ફરમાવેલી છે. એક આયતે શરીફામાં ઝિક્ર છે કે, "ઈન્નલ્લાહા મઅસ સાબેરીન" યાઅની કે અલ્લાહતઆલા સબ્ર કરનારાઓ સાથે છે. **"અસ્સબ્રો રાસુલ ઇમાન"**, સબ્ર ઈમાનનું માથું છે તેમજ સબ્ર બગૈર ઈમાન નાકિસ અને અધૂરૂં છે. આફત અને તકલીફના પહેલા મરહલા માં જ સંભલી જવું એ જ સબ્રે હકીકી છે. રોવા-શિકાયત કરવા-વાવૈલા કરવા પછી સબ્ર કરવામાં કોઇ અઝમત કે બલંદી નથી; એ તો ફક્ત મજબૂરી અને લાચારી છે. ઈરશાદે રબ્બાની થાય છે કે, **"વધામણી છે તે સબ્ર કરવાવાલાને જે વક્ત તેમના પર મુસીબત આવે છે તે વક્ત કહે છે કે, હમેં અલ્લાહ વાસ્તે છે અને તેની તરફ જ હમેં વલીશું."**

દાઅવતે હક્કની તારીખ પર નઝર કરવાથી ખયાલ આવશે કે અપના નબીયો, વસીયો, ઈમામો અને દોઆત તેમજ પારસા દીનદારોએ કઇ હાલતમાં કેવી શાન થી સબ્ર કરેલો છે. સબ્રની ઈન્તેહાના બેનઝીર સબૂતની ઝિક્ર સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) ની કરબલાએ મોઅલ્લામાં પુરદર્દ અને પુર-ઈબરત શહાદતના વાકેઆથી; અને હિંદના શહીદે આઅલા ૨૯માં સિરાજુમ્મુનીર સૈયદના અલી શમ્સુદ્દીન (ક.રૂ.) ની શહાદતે પુરમલાલથી; અને હક્કની હિફાઝતની ખાતિર તેમજ હક્કના નામ પર જાઁબાઝ દિલાવરાને સાહબે દાઅવતની જાઁફિદાઈથી અપના હોંઠો પર બેતહાશા આવી જાય છે. તેથી જ તેઓ પર અલ્લાહની રેહમો કરમની બારિશ નાઝિલ થાય છે બલ્કે સલામના તોહફા લઈને **કુદસી મલાઇક રાત-દિન આ સબ્રના અલમ-બરદારની દેહલીઝ પર આવતા હોય છે.**

હુઝૂરેઆલી સૈયદના સાહબ (ત.ઉ.શ.) હર વક્ત મુમેનીન દરમિયાન આપના કલામમમાં ફરમાવે છે કે, **"અત્તાઅજીલો મિન અમલિશ્શયતાન"**, જલ્દબાઝી એ શયતાનનું કામ છે. આજના તેઝ-રફતાર ઝમાનામાં સબ્રની અઝહદ ઝરૂરત છે. મુમેનીનને પોતાના રોઝમર્રા કામકાજમાં સબ્રના દામનને વલગીને રહેવું જોઈએ. સબ્ર અને રઝામંદીએ ખુદાનો સબક હમને હમારા અહલે બૈતે રસૂલ (સ.અ.વ.વ.) થી મીલેલો છે. તમામ હમારા કામમાં હમેં જલ્દબાઝીથી અલ્લાહ પર તવક્કુલ રાખા બગૈર તેના અંજામનો બેસબ્રીથી ઈન્તેઝાર કરીએ છીએ અને આ શિતાબીના સબબ હમારા અકસર કામો બીગડતા હોય છે અને આખિરકાર હમને નદામત-શરમિંદગીનો ચેહરો જોવો પડે છે. હર કામ વાસ્તે એક વક્તે મુકર્રર હોય છે અને જો તેને સબ્ર અને મેહનતનો લિબાસ પહેરાવવામાં આવે તો તે કામ પુખ્તા અને કામિલ બને છે અને તેનો સમરયાફતા અંજામ આવે છે."

પોતાની જિસ્માની-દુન્યાવી ખ્વાહેશાતને કાબૂ કરવામાં, જલ્દબાઝીના કામમાં, લાલચના મૌકા પર, ગુસ્સામાં અને જઝબાતમાં પોતાના નફસને સબ્રની તલવારથી મારવું એ સબ્રે જમીલ છે. સાબિર-શાકિર રેહવાથી હર બુરાઈ મીણ જેમ ઓગલી જાય છે. **સબ્ર એક એવી તાકત છે કે, જે કોઇ તેને ખોઇ દે તો અંદેશો છે કે તેની નેકીઓ પણ ખોવાઇ જાશે.** ઘણી વાર એવા હાદેસાઓ બનતા હોય છે જે વક્ત હમને લાગે છે કે, જેને હમારે સાથે બદસુલૂકી-બુરાઈ કીધી, તેને સાથે એ જ મુજબ પેશ આવવું જોઈએ યા જે હમારો હમદર્દ નથી, તેનાથી હમદર્દી ન રાખવી જોઈએ; પણ આવા હાલાતમાં દીન-ઈમાન, અખ્લાક-ઈન્સાનીયતના તકાઝાને મદ્દે નિગાહ રાખી હમને હુસૈની-અલવી મુમિનનો પાસ રાખી હમને તે બુરાઈ કરનાર પર કરમ કરી, સબ્ર કરી હુસ્ને સુલૂક અને હુસ્ને અમલનો મુઝાહિરો કરી દેવો જોઈએ. શાયદ કે, તે હમારા આ સબ્રના સબબ સુધરી જાય અને નેકોકારી ઈખ્તિયાર કરી લે. ઈન્સાનીયતને ઉજાગર કરનારા આવા અખ્લાક-તરીકાથી નફ્સે ખબીસાનું દબાણ ઓછું થઈ જાય છે; અને આદમી મઆફીનો તલબગાર બનીને, નેકી પર કમરબસ્તા થઈને, જાહિલોથી અલગ પડીને, ઈમાનના ઉંચામાં ઉંચા દરજાઓ પર પહોંચી જાય છે.

પહેલા કદીયે નહોતી એટલી આજે સચ્ચાઈની હિમાયતની, સબ્રની અને અખ્લાકની પાકીઝગીની હમ તમામ મુમેનીન વાસ્તે ઝરૂરત છે. ખુદાતઆલા હક્કના માઅના અને મમ્સૂલ, દાઈઝઝમાન, નાઈબે ખલીફતુર રેહમાન, હાદીયે ઈન્સો જાન સૈ.વ.મૌ. તૈયબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની હુરમતથી અને આપની નૈક દોઆઓની બરકતથી હમને હરએક હમારી ઝિંદગીના મરહલામાં ઈમ્તેહાનની ઘડીમાં સબ્ર કરનારા અને અલ્લાહની હર કઝા પર રાઝી થાનારા કરે. આમીન....★